**આજની રાઉન્ડ ઓફ 16ની મેચો**

| | |
|---|---|
| અમેરિકા વિ. બેલ્જિયમ સાંજે 05:30 વાગ્યે | બ્રાઝિલ વિ. નોર્વે મોડી રાત્રે 01:30 વાગ્યે |

# એમબાપ્પેના ગોલથી પરાગ્વેને હરાવી ફ્રાન્સ અંતિમ આઠમાં

**એમબાપ્પેએ** પેનલ્ટી દ્વારા વર્લ્ડકપ કરિયરનો 19મો ગોલ નોંધાવ્યો

**અસહ્** ગરમી વચ્ચે રમાયેલી મેચમાં ખેલાડીઓ વચ્ચે ઘર્ષણ જોવા મળ્યું



ફિલાડેલ્ફિયા, તા. 5 (એપી): ફિલાડેલ્ફિયા ખાતે અસહ્ય ગરમી વચ્ચે રમાયેલી ફિફા વર્લ્ડ કપની રોમાંચક મેચમાં, ફ્રાન્સે પરાગ્વેને 1-0થી હરાવીને સતત ચોથી વખત ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે.

મેચનો એકમાત્ર નિર્ણાયક ગોલ કિલિયન એમબાપ્પેએ 70મી મિનિટે પેનલ્ટી કિક દ્વારા કર્યો હતો. વીડિયો આસિસ્ટન્ટ રેફરી (VAR)ના રિવ્યુ બાદ આ પેનલ્ટી આપવામાં આવી હતી, જેને એમબાપ્પેએ સરળતાથી ગોલમાં ફેરવી દીધી હતી.

આ ગોલ સાથે હવે વર્લ્ડકપ કરિયરમાં તેના કુલ 19 ગોલ થઈ ગયા છે જે મેસીના 20 ગોલ કરતા 1 ઓછો છે.

હવે આગામી ગુરુવારે ફોક્સબોરો ખાતે ક્વાર્ટર ફાઈનલમાં ફ્રાન્સનો સામનો મોરોક્કો સામે થશે.

38 ડિગ્રી સેલ્સિયસ જેટલા ઉંચા તાપમાન અને હીટ વેવ વચ્ચે રમાયેલી આ મેચમાં બંને ટીમોના ખેલાડીઓ વચ્ચે ભારે ઉગ્રતા અને ઘર્ષણ જોવા મળ્યું હતું. પરાગ્વેના ખેલાડીઓએ ફ્રેન્ચ ખેલાડીઓને ઉશ્કેરવાના પૂરા પ્રયાસો કર્યા હતા, જેમાં મેચ દરમિયાન એન્ડ્રેસ કુબાસે એમબાપ્પેને નીચે પાડી દીધો હતો અને મેટિયાસ ગેલાર્ઝાએ એમબાપ્પેને કોણી મારતાં બંને ટીમો વચ્ચે મેદાન પર ઝપાઝપી થઈ હતી.

આ મેચના અંતે એક વિવાદ પણ થયો હતો. ફૂટબોલની રમત પૂર્ણ થયા બાદ સ્પોર્ટ્સમેનશિપ દર્શાવવા માટે પરાગ્વેના 26 વર્ષીય ગોલકીપર ઓર્લાન્ડો ગિલે એમબાપ્પે તરફ હાથ લંબાવ્યો હતો, પરંતુ વિજયના ઉત્સાહમાં એમબાપ્પેએ તેના તરફ ધ્યાન ન આપ્યું.

આનાથી ગુસ્સે ભરાયેલા ગોલકીપર ગિલે ફૂટબોલ સીધો એમબાપ્પેની જર્સી નંબર 10 તરફ જોરથી ફેંક્યો હતો, જોકે બાદમાં તેણે સ્વીકાર્યું કે તે ગુસ્સામાં પોતાનો આપો ગુમાવી બેઠો હતો.

# સહ-યજમાન કેનેડાને 3-0થી કચડીને મોરોક્કો ક્વાર્ટર ફાઇનલમાં

**મોરક્કો** એકથી વધુ વાર અંતિમ 8માં પહોંચનારો પ્રથમ આફ્રિકન દેશ બન્યો

**એઝેડિન** ઓનાહીના શાનદાર 2 ગોલ

**મેદાન** પર ખેલાડીઓ વચ્ચેના વિવાદમાં 8 યલો કાર્ડ અપાયા

**ક્વાર્ટર** ફાઇનલમાં ફ્રાન્સ સામે થશે મુકાબલો



હ્યુસ્ટન, તા. 5 (એપી): ફિફા વર્લ્ડકપના રાઉન્ડ ઓફ 16ના રોમાંચક મુકાબલામાં, મોરોક્કોએ સહ-યજમાન કેનેડાને 3-0થી હરાવીને ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ મેળવી લીધો છે. મોરોક્કો વર્લ્ડકપના ઇતિહાસમાં એક કરતાં વધુ વખત ક્વાર્ટર ફાઇનલમાં પહોંચનારો પ્રથમ આફ્રિકન દેશ બન્યો છે.

મેચના પ્રથમ હાફ સુધી બંને ટીમો વચ્ચે જોરદાર ટક્કર જોવા મળી હતી. પરંતુ 50મી મિનિટે એઝેડિન ઓનાહીએ પ્રથમ ગોલ કરીને મોરોક્કોને 1-0ની લીડ અપાવી હતી. ત્યારબાદ 82મી મિનિટે ઓનાહીએ પોતાનો બીજો ગોલ કર્યો અને સ્ટોપેજ ટાઈમની અંતિમ મિનિટે સુફિયાન રાહીમીએ ત્રીજો ગોલ કરીને કેનેડાની હાર નિશ્ચિત કરી દીધી હતી. કેનેડાની ટીમ તેના સ્ટાર ખેલાડી અલ્ફોન્સો ડેવિસની ઈજાના કારણે ગેરહાજરીથી નબળી પડી હતી.

હવે ગુરુવારે ક્વાર્ટર ફાઇનલમાં મોરોક્કોનો સામનો ફ્રાન્સ સામે થશે. આ મેચ ખૂબ જ આક્રમક રહી હતી, જેમાં રેફરી દ્વારા કુલ 8 યલો કાર્ડ આપવામાં આવ્યા હતા (બંને ટીમોને 4-4). મેચની 40મી મિનિટે મોરોક્કોના અશરફ હકીમી અને કેનેડાના રીચી લારીઆ વચ્ચે મેદાન પર ઝઘડો થતાં ભારે વિવાદ સર્જાયો હતો.

કેનેડાના કોચ જેસી માર્શે હાર છતાં દાવો કર્યો હતો કે તેમની ટીમ મોરોક્કો કરતાં વધુ સારી રમી, જેની સામે મોરોક્કોના કોચ મોહમ્મદ ઓઆહબીએ વળતો પ્રહાર કર્યો હતો. આ ઐતિહાસિક જીત બાદ મોરોક્કોના કસાબ્લાન્કા શહેરમાં હજારો ચાહકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને ફટાકડા ફોડીને ભવ્ય ઉજવણી કરી હતી.

# વર્લ્ડકપમાં એમબાપ્પેનો 19મો ગોલ, ગોલ્ડન બૂટની રેસમાં મેસીની બરાબરીએ

**ચાલુ** વર્લ્ડકપમાં એમબાપ્પેના ગોલની સંખ્યા 7 થઈ

**વર્લ્ડકપમાં** ગોલના રેકોર્ડમાં મેસીથી હવે માત્ર 1 ગોલ પાછળ

ફિલાડેલ્ફિયા, તા. 5 (એપી): ફિફા વર્લ્ડ કપના રાઉન્ડ ઓફ 16ના મુકાબલામાં પરાગ્વે સામે પેનલ્ટી કિક દ્વારા નિર્ણાયક ગોલ કરીને ફ્રાન્સના કેપ્ટન કિલિયન એમબાપ્પેએ એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. 19 આંતરરાષ્ટ્રીય વર્લ્ડકપ મેચોમાં આ એમબાપ્પેનો 19મો ગોલ છે. આ ઐતિહાસિક ગોલ સાથે તે લિયોનલ મેસીના કુલ 20 વર્લ્ડકપ ગોલના ઓલ-ટાઈમ રેકોર્ડથી હવે માત્ર 1 ગોલ પાછળ છે.

આ સાથે જ વર્લ્ડ કપના ટોપ સ્કોરરને મળનારા પ્રતિષ્ઠિત 'ગોલ્ડન બૂટ' એવોર્ડ મેળવવાની રેસ પણ ભારે રોમાંચક બની ગઈ છે. આ ચાલુ ટૂર્નામેન્ટમાં એમબાપ્પેનો આ 7મો ગોલ છે, જેની સાથે તે ગોલ્ડન બૂટની રેસમાં મેસીની (7 ગોલ) બરાબરી પર આવી ગયો છે. જો ટૂર્નામેન્ટના અંતે ગોલની સંખ્યા સરખી રહેશે, તો ફિફાના નિયમ મુજબ આસિસ્ટ (ગોલ કરવામાં મદદ)ના આધારે વિજેતા નક્કી થશે, જેમાં એમબાપ્પે હાલમાં મેસી કરતા 2-0થી આગળ છે.

## આ મેચમાં એમબાપ્પેએ મેળવેલી સિદ્ધીઓ:

- તેણે પોતાની 19મી વર્લ્ડકપ મેચમાં 19મો કરિયર ગોલ પૂર્ણ કર્યો.
- તે વર્લ્ડકપ ઇતિહાસમાં લિયોનલ મેસીના 20 ગોલના ઓલ-ટાઇમ રેકોર્ડથી હવે માત્ર 1 ગોલ પાછળ છે.
- બે અલગ-અલગ વર્લ્ડ કપમાં 7 કે તેથી વધુ ગોલ કરનારો એમબાપ્પે વિશ્વનો માત્ર બીજો ખેલાડી બન્યો છે. મેસીએ પણ શનિવારે આ જ આ સિદ્ધિ મેળવી હતી.
- એમબાપ્પેએ વર્લ્ડ કપના નોકઆઉટ સ્ટેજમાં પોતાના કુલ ગોલની સંખ્યા 11 પર પહોંચાડી દીધી છે, જે બ્રાઝીલના રોનાલ્ડો કરતાં 3 ગોલ વધુ છે.
- ત્રણ અલગ-અલગ વર્લ્ડ કપના નોકઆઉટ સ્ટેજમાં 3 કે તેથી વધુ ગોલ કરનારો એમબાપ્પે દુનિયાનો એકમાત્ર ખેલાડી બની ગયો છે.
- વર્લ્ડકપના ઇતિહાસમાં એમબાપ્પેએ આ 7મી વખત જીત અપાવનારો ગોલ કર્યો છે.

# શ્રીલંકા-Aને 10 વિકેટે કચડીને ઈન્ડિયા-Aનો શ્રેણી વિજય

**મેચમાં** 10 વિકેટ ઝડપીને ગુરનૂર બ્રારે ટેસ્ટ ડેબ્યૂ માટે મજબૂત દાવેદારી નોધાવી

**સાઈ** સુદર્શનના 168 રન



ગાલે, તા. 5 (પીટીઆઈ): ગાલે ખાતે રમાયેલી બીજી અને અંતિમ બિનસત્તાવાર ટેસ્ટ મેચના ચોથા અને અંતિમ દિવસે, ફાસ્ટ બોલર ગુરનૂર બ્રારની ઘાતક બોલિંગની મદદથી ઈન્ડિયા-A ટીમે શ્રીલંકા-Aને 10 વિકેટે કચડીને શાનદાર વિજય મેળવ્યો છે.

પ્રથમ ટેસ્ટ ડ્રો થયા બાદ, આ જીત સાથે ભારતે શ્રેણી પોતાના નામે કરી લીધી છે. પંજાબના ફાસ્ટ બોલર ગુરનૂર બ્રારે આ મેચમાં કુલ 10 વિકેટ (પ્રથમ ઈનિંગ્સમાં 4 અને બીજી ઈનિંગ્સમાં 6 વિકેટ) ઝડપીને આગામી મહિને શ્રીલંકા સામે રમાનારી સિનિયર ટેસ્ટ શ્રેણી માટે મજબૂત દાવેદારી નોંધાવી છે.

મેચની વાત કરીએ તો, સાઈ સુદર્શનના શાનદાર 168 રનની મદદથી ઈન્ડિયા A ટીમે પ્રથમ ઈનિંગ્સમાં 543 રનનો વિશાળ સ્કોર ખડકીને 177 રનની લીડ મેળવી હતી. જવાબમાં રવિવારે ચોથા દિવસે શ્રીલંકા A ટીમ બીજી ઈનિંગ્સમાં માત્ર 209 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. શ્રીલંકા તરફથી આશેન બંડારાએ સૌથી વધુ 87 રન બનાવ્યા હતા, જ્યારે બ્રારે 68 રન આપીને 6 વિકેટ ઝડપી હતી. ભારતને જીતવા માટે માત્ર 33 રનનો ટાર્ગેટ મળ્યો હતો, જે સાઈ સુદર્શન અને અમન મોખાડેની જોડીએ માત્ર 6.2 ઓવરમાં કોઈ પણ વિકેટ ગુમાવ્યા વિના આસાનીથી મેળવી લીધો હતો. આ પ્રવાસ ઈન્ડિયા-A માટે ખૂબ સફળ રહ્યો છે કારણ કે આ પહેલા તેઓ દામ્બુલા ખાતે ટ્રાય-સિરીઝ પણ જીત્યા હતા. આ મેચ દ્વારા આગામી 15 ઓગસ્ટથી શરૂ થનારી ટેસ્ટ શ્રેણી માટે સાઈ સુદર્શન, દેવદત્ત પડિક્કલ (94 રન) અને ધ્રુવ જુરેલ (53 રન) જેવા સિનિયર ખેલાડીઓને ઉત્તમ પ્રેક્ટિસ મળી રહી છે.

# ચાર્લ્સ લેક્લર્કે બ્રિટિશ ગ્રાન્ડ પ્રિક્સ જીતી ફેરારીને અપાવી ઐતિહાસિક 250મી જીત

સિલ્વરસ્ટોન, તા. 5 (એપી): સિલ્વરસ્ટોન ખાતે યોજાયેલી બ્રિટિશ ગ્રાન્ડ પ્રિક્સમાં રોમાંચક અને અરાજકતાભર્યા માહોલ વચ્ચે, ફેરારીના ચાર્લ્સ લેક્લર્કે લગભગ બે વર્ષ બાદ પોતાની પ્રથમ ફોર્મ્યુલા વન (F1) રેસ જીતી લીધી છે. આ જીત સાથે લેક્લર્કે ફેરારી ટીમને તેની ઐતિહાસિક 250મી જીત અપાવી છે. મેચના અંતિમ તબક્કામાં મેક્સ વેર્સ્ટાપેનની કાર રેતીમાં સ્લિપ થઈ જતાં રેસ સેફ્ટી કારની પાછળ સમાપ્ત થઈ હતી. લેક્લર્કની આ પહેલાંની છેલ્લી જીત ઓક્ટોબર 2024 માં યુનાઈટેડ સ્ટેટ્સ ગ્રાન્ડ પ્રિક્સમાં આવી હતી. બીજી તરફ, મર્સિડીઝના ડ્રાઈવર અને પોઈન્ટ ટેબલમાં ટોચ પર રહેલા કિમી એન્ટોનેલીની કારમાં સ્ટીયરિંગની ખામી સર્જાતા અને ટાઈમ પેનલ્ટી લાગતાં તે 16મા સ્થાને ધકેલાઈ ગયો હતો અને પોઈન્ટ મેળવવામાં નિષ્ફળ રહ્યો હતો. એન્ટોનેલીની આ મુશ્કેલીનો ફાયદો તેના જ સાથી ડ્રાઈવર જ્યોર્જ રસેલને મળ્યો, જે બીજા ક્રમે રહ્યો અને ટાઈટલની રેસમાં એન્ટોનેલી સાથેનો પોઈન્ટનો તફાવત ઘટાડીને 25 પોઈન્ટ કરી દીધો. લુઈસ હેમિલ્ટન ત્રીજા સ્થાને રહ્યો હતો, જ્યારે મેકલેરેનનો લેન્ડો નોરિસ ચોથા અને રેડ બુલનો ઈસાક હાડજર પાંચમા ક્રમે રહ્યો હતો. મર્સિડીઝ આ સિઝનમાં પ્રભુત્વ ધરાવે છે, પરંતુ હવે કારની વિશ્વસનીયતા તેમની નબળાઈ બની રહી છે.

# સુરતના માનવ ઠક્કર અને માનુષની જોડી યુએસ સ્મેશની ક્વાર્ટર ફાઈનલમાં

**માનવ** અને માનુષે વર્લ્ડ ચેમ્પિયન જાપાની જોડીને હરાવી અપસેટ સર્જ્યો

**આ જ** અઠવાડિયે આ ભારતીય જોડી રિયોમાં પણ સેમિફાઇનલમાં પહોંચી છે

**મહિલા** ડબલ્સમાં દિયા અને યશસ્વિની પણ ક્વાર્ટર ફાઇનલમાં પહોંચી



નવી દિલ્હી, તા. 5: ભારતીય ટેબલ ટેનિસ માટે આ અઠવાડિયું ઐતિહાસિક સાબિત થયું છે, જેમાં દેશની ટોચની પુરુષ ડબલ્સ જોડી સુરતના માનવ ઠક્કર અને માનુષ શાહે શાનદાર પ્રદર્શન કર્યું છે. લોસ એન્જલસમાં રમાઈ રહેલા પ્રતિષ્ઠિત WTT યુએસ સ્મેશ 2026માં, આ જોડીએ મોટો અપસેટ કરતા વર્તમાન વર્લ્ડ ચેમ્પિયન અને જાપાનની ટોચની જોડી શુનસુકે તોગામી અને સોરા માત્સુશિમાને 3-1 (8-11, 11-8, 11-8, 11-7)થી હરાવીને ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. પ્રથમ ગેમ ગુમાવ્યા બાદ ભારતીય જોડીએ આક્રમક રમત અને અદભૂત તાલમેલ બતાવીને શાનદાર વાપસી કરી હતી. આ ટુર્નામેન્ટમાં હવે તેમનો સામનો ચીનના મજબૂત ખેલાડીઓ વેન રુઈબો અને યુઆન લિસેન સામે થશે.

આ જ અઠવાડિયે બ્રાઝીલના રિયો ડી જેનેરોમાં યોજાયેલા WTT કંટેન્ડરમાં પણ આ જોડીએ સ્થાનિક ફેવરિટ લુકાસ રોમાન્સકી અને ફેલિપ ડોટીને 3-0થી હરાવીને સેમિફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે, જ્યાં તેમનો સામનો ફ્રાન્સની જોડી સામે થશે. આ વર્ષે સિંગાપોર સ્મેશની સેમિફાઈનલમાં પહોંચ્યા બાદ, માનવ અને માનુષે સતત બીજી ગ્રાન્ડ સ્મેશ ટુર્નામેન્ટની ક્વાર્ટર ફાઈનલમાં પહોંચવાની સિદ્ધિ મેળવી છે. એક જ અઠવાડિયામાં વર્લ્ડ ચેમ્પિયન જોડીને ગ્રાન્ડ સ્મેશ ઈવેન્ટમાં હરાવવું અને રીયોમાં કન્ટેન્ડર સેમિફાઈનલમાં પહોંચવું તે ભારતીય ટેબલ ટેનિસ માટે દુર્લભ સિદ્ધી છે.

આ સાથે જ મહિલા ડબલ્સમાં ભારતની દિયા ચિત્તલે અને યશસ્વિની ઘોરપડેની જોડીએ પણ ચાઈનીઝ તાઈપેઈની જોડીને હરાવીને યુએસ સ્મેશની ક્વાર્ટર ફાઈનલમાં પ્રવેશ મેળવતા ભારતીય ટેબલ ટેનિસ નવા શિખરો સર કરી રહ્યું છે.

# વિમેન્સ T20 વર્લ્ડ કપ: ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડને હરાવી રેકોર્ડ 7મું ટાઈટલ જીત્યું

**ઓસ્ટ્રેલિયન** મહિલા ટીમે ઈંગ્લેન્ડે આપેલા 151 રનના લક્ષ્યાંકને માત્ર 17.1 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને મેળવ્યો

**બેથ** મૂની અને ફોબી લિચફિલ્ડની આક્રમક બેટિંગ



લંડન, તા. 5 (પીટીઆઈ): ઓસ્ટ્રેલિયન મહિલા ક્રિકેટ ટીમે રવિવારે રમાયેલી ફાઈનલમાં યજમાન ઈંગ્લેન્ડને 7 વિકેટે હરાવીને અભૂતપૂર્વ 7મું T20 વર્લ્ડકપ ટાઈટલ જીતી લીધું છે.

સોફી મોલિનક્સની કપ્તાની હેઠળ ઓસ્ટ્રેલિયાએ ઈંગ્લેન્ડના 151 રનના લક્ષ્યાંકને માત્ર 17.1 ઓવરમાં 3 વિકેટ ગુમાવીને સરળતાથી હાંસલ કરી લીધો હતો. યુવા બેટ્સમેન ફોબી લિચફિલ્ડ (35 બોલમાં 48 રન) અને અનુભવી બેથ મૂની (49 બોલમાં 64 રન) વચ્ચે માત્ર 69 બોલમાં થયેલી 100 રનની ભાગીદારીએ ઈંગ્લેન્ડના બોલિંગ આક્રમણને સંપૂર્ણપણે બેકફૂટ પર ધકેલી દીધું હતું.

આ પહેલા ટોસ હારીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ઈંગ્લેન્ડની ટીમ નિયત 20 ઓવરમાં 4 વિકેટે 150 રન જ બનાવી શકી હતી. કેપ્ટન નેટ સાયવર-બ્રન્ટ (53 બોલમાં અણનમ 58 રન) અને ફ્રેયા કેમ્પ (28 બોલમાં અણનમ 44 રન) વચ્ચે પાંચમી વિકેટ માટે 80 રનની ભાગીદારી ન થઈ હોત, તો ઈંગ્લેન્ડ આ સ્કોર સુધી પણ પહોંચી શક્યું ન હોત. ઓસ્ટ્રેલિયા તરફથી કેપ્ટન સોફી મોલિનક્સે 1/32 અને જોર્જિયા વેરહામ જેવા બોલરોએ શિસ્તબદ્ધ બોલિંગ કરીને ઈંગ્લેન્ડના બેટ્સમેનોને રન બનાવવાની વધુ તક આપી ન હતી, જેના કારણે તેઓ મોટો સ્કોર બનાવવામાં નિષ્ફળ રહ્યા હતા.


# ગ્રાન્ડ ચેસ ટૂર: બ્લિટ્ઝ રાઉન્ડમાં પ્રજ્ઞાનંધા પાછળ ધકેલાયો

ઝેગરાબ (ક્રોએશિયા), તા. 5: ગ્રાન્ડમાસ્ટર આર પ્રજ્ઞાનંધા રેપિડ રાઉન્ડ જેવું શાનદાર પ્રદર્શન બ્લિટ્ઝ સેક્શનમાં દોહરાવી શક્યો નહીં અને શરૂઆતના 9 રાઉન્ડમાંથી માત્ર 3.5 પોઈન્ટ જ મેળવી શક્યો હતો. બીજી તરફ, ફ્રાન્સના અલીરેઝા ફિરોઝજાએ અદભૂત પ્રદર્શન કરીને ગ્રાન્ડ ચેસ ટૂરના ક્રોએશિયા લેગના અંતિમ દિવસ પહેલા એકમાત્ર લીડર તરીકે ઉભરી આવ્યો છે. અલીરેઝાએ આ ઝડપી ફોર્મેટમાં સંભવિત 9માંથી 8 પોઈન્ટ મેળવીને કુલ 20 પોઈન્ટ સાથે તેના નજીકના હરીફો ઉઝબેકિસ્તાનના અબ્દુસત્તોરોવ અને ફ્રાન્સના મેક્સિમ વાચિયર-લાગ્રાવ પર 3 પોઈન્ટની વિશાળ લીડ મેળવી લીધી છે, જે બંને 17 પોઈન્ટ સાથે બીજા અને ત્રીજા સ્થાને છે. પ્રજ્ઞાનાંધા 15.5 પોઈન્ટ સાથે ચોથા સ્થાને સરકી ગયો છે.

## સુડોકુ - 'કૃતિ' ૭૨૩૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૮ | | ૩ | | | | | ૬ |
| | ૩ | | ૬ | | | ૪ | | ૨ |
| | ૪ | | ૯ | ૭ | ૧ | | ૩ | |
| ૪ | | ૩ | | | | | | ૯ |
| ૮ | | | | ૯ | ૩ | | ૬ | ૪ |
| | | | | | | ૩ | ૮ | |
| ૯ | ૬ | ૮ | ૫ | ૧ | ૭ | | | ૩ |
| | ૨ | ૪ | | ૩ | ૬ | | ૯ | |
| ૩ | | | ૨ | ૪ | ૯ | ૬ | ૫ | |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજી વાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.



## દાદીમાના નુસખા

**મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ**


### ગળામાં તકલીફ

ઋતુસંધિકાળ છે. મંદાગ્નિ અને કફ સંલગ્ન તકલીફો રહે છે. ગળામાં ખખરી બાઝે. ખોંખારો ખાઈને દૂર કરવાનો પ્રયત્ન કરશો પણ, ફરી ફરીને તકલીફ ચાલુ રહે છે.

જેઠીમધ 30g, ભોંય રીંગણી 20g, બહેડાં ફળ છાલ 15g, લીંડી પિપર 15g, સૂંઠ 15g, મરી 15g લઈ ચૂર્ણ કરવું. દિવસમાં ત્રણથી ચાર વાર, એક એક ચમચી ચૂર્ણ મધ સાથે અથવા પાણી સાથે લો. ચપટી ભરી ચૂસી પણ શકો છો.

## શબ્દગુંફન - ૭૨૩૫

અરવિંદ એસ. મારૂ



**આડી ચાવી**

૧. સમાચાર, ભાળ (૩)
૩. મૂળ ગામ કે દેશ (૩)
૬. આંખ (૩)
૮. હેતુ, મુરાદ (૪)
૯. કાવ્ય (૨)
૧૦. લાગ (૨)
૧૧. લશ્કરી વહાણ (૪)
૧૩. સૈન્ય, છાવણી (૩)
૧૫. નકામું, બાદ કરેલું (૨)
૧૭. દુશ્મનાવટ (૨)
૧૬. બટન ઘાલવાનું નાકું (૨)
૧૯. યોગ્ય કિંમત કરવી તે (૩)
૨૦. શારીરિક ઇજા, ઘા (૩)
૨૨. છલંગ (૩)
૨૪. તપસ્યા (૨)
૨૬. દેહ, કાયા (૨)
૨૭. કેડ, કટિ (૩)
૨૯. બીજાને આધારે જીવનારું (૫)
૩૨. ઘોષ, અવાજ (૨)
૩૩. ન બોલવું તે (૨)
૩૪. એક જાતનું કાપડ (૨)

**ઊભી ચાવી**

૧. ઉત્સાહી બહાદુર બાળક (૪)
૨. એક રાશિ (૨)
૩. જંગલ (૨)
૪. મીઠું (૩)
૫. વસવું તે (૪)
૭. વિશ્વાસ (૩)
૧૦. તૃપ્ત, ધરાયેલું (૨)
૧૧. કેફ, ખુમારી (૨)
૧૨. વાદળું, મેઘ (૩)
૧૩. દેવું, ઋણ (૩)
૧૪. સોગન (૩)
૧૫. રૂપાનું (૩)
૧૭. પ્યાલો (૨)
૧૮. આંખની કીકી (૩)
૨૧. સમાપ્ત (૩)
૨૩. સંપ (૩)
૨૫. વિસ્તાર, ફેલાવો (૨)
૨૬. રોટલી વગેરે શેકવાનું સાધન (૨)
૨૭. શરીરની ઊંચાઈ (૨)
૨૮. દાંત (૩)
૩૦. રાતની ચોકી માટે ફરવું (૨)
૩૧. પ્રાણ (૨)
૩૨. દડા જેવી મોટી રોટી (૨)



## આજનું પંચાંગ

**તા. 06/07/2026, સોમવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** નિજ જેઠ
**તિથિ:** વદ: છઠ : 13:48
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** અષાઢ: 15
**યોગ :** સૌભાગ્ય **કરણ:** વિષ્ટિ
**નક્ષત્ર :** પૂ.ભા.:16:08 **રાશિ:** કુંભ (ગ.સ.શ.ષ.) 09:58 પછી મીન (દ.ચ.ઝ.થ.)
**દિવસ :** સામાન્ય
**સુરતમાં સૂર્યોદય :** 06:03 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:23
**નવકારસી :** 06:52
**પારસી વર્ષ :** 1395 બહમન માસનો 26મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 મોહરમ માસનો 20મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** અમૃત, કાળ, શુભ, રોગ, ઉદવેગ, ચલ, લાભ,, અમૃત
**રાત્રિનાં ચોઘડિયાં:** ચલ, રોગ, કાળ, લાભ, ઉદવેગ, શુભ, અમૃત, ચલ
રાહુકાળ: સવારે :07:30 થી 09.00 સુધી

## આપની આજ

**જયોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** અચાનક મહત્ત્વનાં કામ પાર પડશે. નવા વ્યવસાયની શરૂઆત થઇ શકે છે. વડીલોની સલાહ માનવી.

**વૃષભ (બ,વ,ઉ,):** વડીલો કે ઉચ્ચ કક્ષાના લોકો તરફથી ભેટ મળી શકે છે. આવક વધશે. નવા રોકાણમાં ધીરજ રાખવી.

**મિથુન (ક,છ,ઘ,):** વેપાર-ધંધામાં આવક વધશે. સમાજમાં માન વધે. નવા કામ મળે. નવા ફેરફારથી નવું શીખવા મળે.

**કર્ક (ડ,હ,):** પડવા-વાગવા અને છેતરાઈ જવા બાબતે સાવધાન રહેવું. સહકર્મીઓ સાથે વિવાદ ટાળવો. ખર્ચા વધશે.

**સિંહ (મ,ટ,):** મિત્રો સાથે મનોરંજન થાય. પરિવારના સાથથી નવા કામ થાય. વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન મળે.

**કન્યા (પ,ઠ,ણ,):** સામાજિક મેળાવડામાં પ્રભાવશાલી લોકોને મળવાનું બનશે. નોકરી-ધંદા-વ્યવસાયમાં વિવેક રાખવો.

**તુલા (ર,ત,):** તીર્થદર્શન થાય. આળસ છોડવી. પ્રવાસના કામમાં પ્રગતિ થાય. વિદેશનાં કામ થાય. શુભ સમાચાર મળે.

**વૃશ્ચિક (ન,ય,):** અકસ્માત વગેરેથી સાવધાન. ખાવા-પીવા બાબતે કાબૂમાં રહેવું. હરીફો હેરાન કરશે. ખર્ચા વધશે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** પરિવારની ચિંતા સતાવે. જીવનસાથી સાથે સામાજિક કામ થાય. અચાનક શુભ સમાચાર મળે. પ્રવાસ થાય.

**મકર (ખ,જ,):** ઉધાર લેવા-દેવાનું ટાળવું. ખર્ચા વધશે. કામનો બોજ રહે. નવા કામમાં સાવધાની રાખવી પડશે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** રચનાત્મક કામ પાર પડે. મોજ-શોખના ધંદામાં લાભ થાય. સંતાનોની પ્રગતિ થાય.

**મીન (દ,ચ,ઝ,થ,):** મનપસંદ લોકો સાથે સ્વાદિષ્ટ ભોજનનો આનંદ મળે. મહત્ત્વના ફેરફારથી નવી તક ઊભી થાય.

## કોઈ પણ સાલમાં 06 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષનો અનુભવ કરાવશે. નોકરી-ધંદા-વ્યવસાયમાં હરીફો વધશે. સમાજ પરિવારમાં પણ હરીફોનો અનુભવ થાય. નવા ફેરફાર, નવી ટેકનોલોજી અને નવી નીતિ પ્રમાણે કામનો બોજ અને જવાબદારી વધશે. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં સહી સિક્કા, લેવડ-દેવડ વગેરેમાં સાવધાની રાખવી. સંતાનોનાં કામ કેરીયર અભ્યાસમાં સામાન્ય રહે. આર્થિક બાબતે ચડતી-પડતી રહે. ઉઘરાણીની ચિંતા સતાવશે. આરોગ્ય નરમ-ગરમ રહે. નવા વેપાર-ધંદામાં મિત્રોનો સાથ મળે. ઉંમરલાયકના વિવાહ અને પ્રેમવિવાહની ઇચ્છા રાખનારને વિઘ્નોનો સામનો કરવો પડશે. વિદ્યાર્થીઓને નવી નીતિ પ્રમાણે મદદ મળે. વિદેશનાં કામ ધીમા પડશે. નવા ઘર, વાહન, મકાનમાં વડીલોની મદદથી સફળતા વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં વિઘ્નો આવે. એપ્રિલ મે તથા સપ્ટેમ્બર-ઓક્ટોબર શુક્ર શનિવાર 06,16,24 તારીખે નવાં કામ કરવાં. સફેદ રંગનો ઉપયોગ વધારવો. જુલાઈ-ઓગસ્ટ, બુધવાર, 1,10, 19, 28 તારીખે નવાં કામ ટાળવાં. ગ્રે અને ભૂરા રંગનો ઉપયોગ ટાળવો.

# બાબર આઝમ ફરી બન્યો ટેસ્ટ કેપ્ટન, શાન મસૂદની હકાલપટ્ટી

ઈસ્લામાબાદ, તા. 5 (એપી): બાબર આઝમે ફરી એકવાર પાકિસ્તાનની ટેસ્ટ ક્રિકેટ ટીમની કમાન સંભાળી લીધી છે, જ્યારે શાન મસૂદને તેના સુકાનીપદ પરથી હટાવી દેવામાં આવ્યો છે. રવિવારે આ નિર્ણયની સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી. બાબર આઝમની કેપ્ટન તરીકેની બીજી ઈનિંગ આ મહિનાના અંતમાં વેસ્ટ ઈન્ડિઝ સામેની 2 ટેસ્ટ મેચની શ્રેણીથી શરૂ થશે, જેમાં શાન મસૂદનો 16 સભ્યોની ટીમમાં સમાવેશ કરાયો છે. ત્યારપછી પાકિસ્તાન ઈંગ્લેન્ડમાં 3 ટેસ્ટ મેચ રમશે, જ્યાં ફિટનેસના આધારે સાઉદ શકીલને 17મા ખેલાડી તરીકે ઉમેરવામાં આવશે.

# વિમ્બલડન : જોકોવિચ ક્વાર્ટર ફાઈનલમાં

**જોકોવિચે** વિમ્બલડનમાં 106મી જીત સાથે ફેડરરનો રેકોર્ડ તોડ્યો

**જોકોવિચ** 17મી વખત ક્વાર્ટર ફાઇનલમાં પહોંચ્યો

લંડન, તા. 5 (એપી): નોવાક જોકોવિચે રવિવારે વિમ્બલ્ડનમાં 132મા ક્રમના ક્વોલિફાયર ખેલાડી રોમન સેફિયુલિન સામે સંઘર્ષપૂર્ણ જીત મેળવીને રોજર ફેડરરનો રેકોર્ડ તોડી નાખ્યો છે.

7 વખતના વિમ્બલ્ડન ચેમ્પિયન જોકોવિચે આ મેચ 7-6 (6), 6-3, 3-6, 6-3થી જીતી લીધી હતી. વિમ્બલડનમાં આ તેની 106મી જીત હતી, જેણે તેને પુરુષોની ઓલ-ટાઈમ યાદીમાં ફેડરરથી એક જીત આગળ કરી દીધો છે. જો કે, તે હજુ પણ માર્ટિના નવરાતિલોવાના 120 મેચ જીતવાના રેકોર્ડથી પાછળ છે. આ જીત સાથે જોકોવિચ 17મી વખત ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યો છે અને હવે તે ફેડરરના 8 વિમ્બલ્ડન ટાઈટલના રેકોર્ડની બરાબર પહોંચવાથી માત્ર 3 મેચ દૂર છે. 39 વર્ષીય જોકોવિચે તેની કારકિર્દીમાં સેફિયુલિન જેટલા નીચા રેન્કિંગ ધરાવતા અથવા ક્વોલિફાયર ખેલાડી સામે ક્યારેય ગ્રાન્ડ સ્લેમ મેચ ગુમાવી નથી, પરંતુ આ મેચમાં તે મુશ્કેલીમાં દેખાયો હતો. પ્રથમ સેટમાં 5-2થી પાછળ રહ્યા બાદ તેણે શાનદાર વાપસી કરી ટાઈબ્રેકર જીત્યું હતું.

## મહિલા સિંગલ્સમાં ક્રેઝિસોવા હારતા મળશે નવી ચેમ્પિયન

મહિલા સિંગલ્સમાં બાર્બોરા ક્રેઝિસોવા ચોથા રાઉન્ડમાં ચેક રિપબ્લિકની જ કેરોલિના મુચોવા સામે 7-5, 5-7, 6-3થી હારી છે, જેનાથી વિમ્બલડનને સતત 9મી વખત નવી મહિલા ચેમ્પિયન મળશે. જ્યારે અમેરિકાની જેસિકા પેગુલાએ પણ ઇવા જોવિકને 4-6, 6-3, 6-1 થી હરાવીને આગળના રાઉન્ડમાં પ્રવેશ કર્યો છે. 2016માં સેરેના વિલિયમ્સે પોતાનું 7મું ટાઇટલ જીત્યું ત્યારથી અત્યાર સુધી કોઈ પણ મહિલા ખેલાડી એક કરતાં વધુ વખત વિમ્બલ્ડન જીતી શકી નથી.